# વાવોલ ટીપી-૧ ૩માં સુકાઈ ગયેલાં તળાવને પુનર્જીવિત કરાશે

## શાંતિવન સોસાયટી સામેનું કુદરતી તળાવ પુનર્જીવિત થશે તો ભુગર્ભ જળમાં વધારો થશે અને શહેરના પર્યાવરણ માટે લાભદાયી બનશે : શહેરમાં સતત ઘટતાં જતાં વેટલેન્ડ વચ્ચે આશાનું કિરણ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં વિકાસે ઝડપ પકડી છે અને નવા રસ્તાઓના વિકાસ સાથે તંત્ર દ્વારા બાગ-બગીચા સહિત વિવિધ



સુવિધાઓના વિકાસમાં પણ પ્રસંશનીય ઉત્સુકતા દેખાડવામાં આવી રહી છે. વાવોલ વિસ્તારમાં ટાઉન પ્લાનિંગ નં.૧૩ના આયોજનમાં હવે "ક" રોડ નજીક એક જુનું તળાવ પુરાઇ ગયું હતું તેને પુનર્જીવિત કરવામાં આવશે જેથી આ વિસ્તારની સુંદરતામાં વધારો થવા સાથે ભુગર્ભ જળમાં પણ તેના થકી વધારો થશે અને તે શહેરના પર્યાવરણ માટે ખૂબ લાભદાયી સાબિત થશે.

ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં ટીપી-૧૩માં "ક" રોડથી બાયપાસ માર્ગ તરીકે વિકસાવાયેલાં નવ ૪૫ મીટરના રોડ પર શાંતિવન સોસાયટી સામે એક આંબાવાડિયું આવેલું છે જ્યાં રોડ ટચ જોગણીમાતાનું એક નાનું મંદિર પણ છે. આ મંદિરનું તાજેતરમાં જ નજીકની સોસાયટીઓના શ્રધ્ધાળુઓએ મળીને રિનોવેશન કર્યું છે. જોગણીમાતાના મંદિરને અડીને જે આંબાવાડિયું છે તે હકીકતમાં અગાઉ તળાવ હતું અને તે આ વિસ્તારના જુના નકશામાં પણ છે અને હાલ ટીપી-૧૩ના બનાવાયેલાં નકશામાં પણ તળાવ તરીકે દર્શાવાયેલું છે. આ તળાવમાં હાલ પાણી નથી પરંતુ આગામી સમયમાં વહીવટીતંત્ર દ્વારા આ તળાવને પુનર્જીવિત કરવાની વિચારણા ચાલી રહી છે. જોકે આ વિસ્તારના રહીશોમાં અહીં બગીચો બને તેવી લાગણી પ્રવર્તી રહી હતી પરંતુ આ વિસ્તારમાં નજીકમાં જ મનપા દ્વારા એકથી વધુ બગીચાનો વિકાસ કરાયો છે અને હજુ વધુ એક બગીચો નિર્માણ હેઠળ છે, જ્યારે આ કુદરતી અને કાયદેસર રીતે તળાવ જ હોવાથી તેને તળાવ તરીકે પુનર્જીવિત કરીને વાવોલ વિસ્તારમાં નવા સોસાયટી વિસ્તારને પણ તળાવનો લાભ મળે તેવા હેતુથી તે તળાવને પુનર્જીવિત કરવાનો નિર્ણય લેવાઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

# અહી જ હાથેથી બનાવીને નેતરના "સિંગલ" હિંચકા વેચતાં કારીગરો

## ગાંધીનગરના રાંધેજા ફાટક પાસે ઉત્તર પ્રદેશના કારીગરોના બનાવેલાં હિંચકા શહેરીજનોને આકર્ષી રહ્યાં છે. : આસામથી આવતા નેતરમાંથી બનતાં હિંચકા સિંગલ ઉપરાંત બે વ્યક્તિ માટે પણ ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરનો જેમ જેમ વિકાસ થતો જાય છે તેમ તેમ અહીં દેશભરમાંથી નાગરિકો પેટીયું રળવાં આવી રહ્યાં છે. માત્ર ટીસીએસ કે ગિફ્ટ સિટી જ નહીં પરંતુ નાના નાના કારીગર વર્ગના શ્રમિકો માટે પણ પાટનગર રોજી રોટી રળવાનું માધ્યમ બનવા સાથે કર્મભૂમિ બની રહ્યું છે. શહેરના રાંધેજા માર્ગ પરના રેલવે ફાટક પાસે નેતરના હિંચકા બનાવતાં કારીગરો છેક બિહારથી આવીને પોતાની કલાકારીગરી પ્રદર્શિત કરી રહ્યાં છે અને શહેરીજનો તેમના ડ્રોઈંગ રૂમમાં કે બાલ્કનીમાં આ કારીગરોએ બનાવેલાં હિંચકે નિરાંતે ઝુલવાનો આનંદ પણ માણી રહ્યાં છે.

જેને આપણે સામાન્ય રીતે વાંસના સમજીએ છીએ તે હિંચકા હકીકતમાં વાંસમાંથી નહીં પરંતુ "નેતર"માંથી બને છે અને આ નેતર માત્ર આસામથી આવે છે. આ નેતરનો હિંચકો બનાવતાં કારીગર મહંમદભાઈએ જણાવ્યું હતું કે તેઓ ઉત્તર પ્રદેશના છે અને છેલ્લાં આઠેક માસથી ગાંધીનગર ખાતે હિંચકાનો વ્યવસાય કરે છે. એક હિંચકો બનાવતાં તેમને બે દિવસનો સમય લાગે છે. આ હિંચકો બનાવવા માટે તેઓ નેતરને ગેસ બર્નર પર ગરમ કરીને વાળે છે તેમજ તેનું યોગ્ય રીતે કટીંગ કરીને નાની ખીલ્લીઓની મદદથી તેનું ફિટિંગ કરવામાં આવે છે ત્યાર બાદ તેનું કલરકામ કરવામાં આવે છે. એક વ્યક્તિ માટેનો "સિંગલ" હિંચકો રૂ. ૧૫૦૦થી ૨૦૦૦માં વેચાય છે જેમાં ગ્રાહકને ગાદી સાથે કે ગાદી વગર લેવો છે તેના આધારે ભાવતાલ થાય છે. હિંચકા માટે ગાદી તેઓ તૈયાર ખરીદીને લાવે છે. આ ઉપરાંત તેઓ નેતરના "ડબલ" સિટિંગવાળા પણ બનાવે છે અને તે સાથે લોખંડની તૈયાર ફ્રેમ પર પ્લાસ્ટિકની દોરી ગુંથીને ભરેલાં હિંચકા પણ તેઓ વેચે છે, જોકે વધુ લોકપ્રિયતા નેતરના હિંચકાની રહે છે.

આ માર્ગ પર નજીકમાં જ ઉત્તરપ્રદેશથી આવેલાં અન્ય એક રાજુભાઈ મનસુરી નામના યુવા કારીગર પણ નેતરના હિંચકા બનવીને વેચે છે. તેમણે જણાવ્યું હતું કે નેતરના હિંચકાને બનાવતી વખતે નેતરને પહેલાં છોલીને સાફ કરવું પડે છે, જરૂરિયાત મુજબની જાડાઈ ધરાવતી સોટીઓને જરૂરીયાત મુજબ કટિંગ કરીને તેને ગરમ કરીને હિંચકા બનાવાય છે, આ સમયે નેતર થોડુંક લીલું હોય તે જરૂરી હોય છે જેને હિંચકો બનાવી દીધાં બાદ સુકવી દેવાય છે અને પછી તેનું રંગકામ કરવામાં આવે છે. આ હિંચકાં માટે અમે છ માસની વોરંટી આપીએ છીએ પરંતુ હિંચકાનું આયુષ્ય પાંચ વર્ષથી વધુનું હોય છે જે ગ્રાહકના વપરાશ અને કાળજી પર આધાર રાખે છે.





### જ્યાં જગ્યાં ઓછી હોય ત્યાં હિંચકાનો શોખ પુરો કરવા આદર્શ વિકલ્પ

અત્યારે શહેરમાં ફ્લેટ અને એપાર્ટમેન્ટની સિસ્ટમ આવી ગઈ છે જ્યાં નાગરિકોને ખુલ્લી જગ્યા મળતી નથી જેથી મોટા હિંચકા લગાડવા શક્ય બનતાં નથી તેથી આ પ્રકારના નેતરના કે જ્યુટના સિંગલ હિંચકાં ખૂબ પ્રચલિત બની રહ્યાં છે જે જગ્યાં ઓછી હોય ત્યાં હિંચકાનો શોખ પુરો કરવા ઉપયોગી બને છે. આવા સિંગલ હિંચકા મોટે ભાગે નાગરિકો તેમની ગેલેરી, બાલ્કની કે ડ્રોઈંગ રૂમમાં ટીવી સામે પણ લટકાવે છે. ટેનામેન્ટ ટાઈપના મકાનો ધરાવતાં નાગરિકો બહારની ચોપાળમાં પણ લગાવે છે. આ સિંગલ હિંચકાનો ગૃહિણીઓ કામ પતાવ્યાં બાદ આરામથી બેસીને મોબાઈલ જોવામાં કે યુવા વિદ્યાર્થીઓ વાંચન કાર્ય માટે વધુ ઉપયોગ કરતાં જોવા મળે છે.



મુસાફરોની આવનજાવન વધી છે પરંતુ તેની સામે જાહેર પરિવહનના એસટી બસ સેવા સાધનોની સુવિધા વધી ન હોવાથી મુસાફરોને ના છૂટકે ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે. મોંઘવારીના સમયમાં વધુ નફો કમાવવાની લાલચમાં ખાનગી વાહનો મુસાફરોને ઠાંસી ઠાંસીને ભરે છે. જે કયારેક ભયજનક બની શકે છે.

# મિલકત વેરો ભરવામાં સર્વર ડાઉનની સમસ્યાં સર્જાતા પરેશાની

ગાંધીનગર, તા.૧૪

આજે મનપા કચેરી ખાતે ઈ-નગર પોર્ટલનું સર્વર ધીમું ચાલતું હોવાની તકલીફ સર્જાઈ હતી જેના કારણે મિલકત વેરાની વસુલાતમાં પંહોચ બનવામાં રોજ કરતાં વધુ વાર લાગતી હતી. સર્વર ડાઉનની સમસ્યાને લીધે મિલકત વેરો ભરવામાં વાર લાગતાં પોતાના ચાલુ નોકરી-ધંધા પરથી કે અન્ય કાર્યો એક તરફ રાખીને વેરો ભરવા આવેલાં શહેરીજનો પણ અકળાઈ ઉઠતાં જોવા મળ્યાં હતાં.

ગાંધીનગર મહાનગર પાલિકામાં અત્યારે મિલકત વેરાની વસુલાતનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે અને મનપા દ્વારા શહેરીજનોને તા.૧૫મી જુન પહેલાં મિલકત વેરો ભરી દેવામાં આવે તો મિલકત વેરામાં ૧૦ટકા રાહતની ઓફર આપવામાં આવી છે. આ વખતે મનપામાં સમાવાયેલા નવા ૧૮ ગામો અને એક નગરપાલિકા સહિતના વિસ્તારને પગલે સ્વાભાવિક રીતે જ મિલકત વેરો ભરવાવાળાઓની સંખ્યા વધી જવા પામી છે. મનપાની કચેરીએ ભોંયતળીયે જ્યાં મિલકત વેરા સહિતની કામગીરી થાય છે ત્યાં દિવસભર ભારે ભીડભાડ રહે છે. મનપાની હદમાં આવતાં મિલકત ધારકો જ્યારે તેમનો વેરાનું ચુકવણું કરે છે ત્યારે તેની ગુજરાત સરકારના ઈ-નગર વેબ પોર્ટલ પર ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવે છે અને તેમાંથી તેની પંહોચ બને છે જેને પ્રિન્ટ કરીને તેના પર સહી-સિક્કો કરીને વેરો સ્વિકારનાર જુનિયર ક્લાર્ક પંહોચ કરદાતાને આપે છે. આજે ઈ-નગર પોર્ટલનું સર્વર ધીમું ચાલતું હોવાની તકલીફ સર્જાઈ હતી જેના કારણે પંહોચ બનવામાં વાર લાગતી હતી. ઘણીવાર તો એન્ટ્રી કરતાં જુનિયર ક્લાર્કને ફરીવાર એન્ટ્રી કરવાની ફરજ પડતી હતી. સર્વર ડાઉનની સમસ્યાને લીધે વેરો ભરવામાં વાર લાગતાં પોતાના ચાલુ નોકરી-ધંધા પરથી કે અન્ય કાર્યો એક તરફ રાખીને વેરો ભરવા આવેલાં શહેરીજનો પણ અકળાઈ ઉઠતાં હતા. સર્વર ડાઉનની સમસ્યા માટે વેરો ભરવાની આખરી તારીખો હોવાને કારણે વેરો ભરનારાઓની સંખ્યા પણ વધુ હોવાથી સર્વર પર લોડ પડતો હોવાનું અનુમાન બાંધવામાં આવી રહ્યું છે.

**છેલ્લી તારીખોમાં વેરો ભરવામાં ધસારાને કારણે સર્વર ડાઉન ચાલતું હોવાનું અનુમાન**

